જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ ફોર્ટીફાઇડ રાઇસનું વિતરણ કરવાની ભારત સરકારની પાયલોટ યોજના અન્વયે રાજ્ય કક્ષાએ તથા જિલ્લા કક્ષાએ એમ્પાવર્ડ કમિટીની રચના કરવા બાબત.

ગુજરાત સરકાર
ઠરાવક્રમાંકઃ પીડીએસ/૧૪/૨૦૧૮/૪૩૯૮૦૪/ક
અન્ન,નાગરિક પુરવઠા અને ગ્રા.બા.વિભાગ
૧૪,સરદારભવન, પાંચમો માળ
સચિવાલય,ગાંધીનગર
તા.૨૦/૦૬/૨૦૧૯

વંચાણે લીધાઃ-

(૧) ભારત સરકારનો તા.૧૪/૦૨/૨૦૧૯ નો પત્ર ક્રમાંક: **15-1/2017-BP-II.**

આમુખ :-

સંદર્ભ (૧) માં જણાવેલ પત્રથી ભારત સરકાર દ્વારા પ્રાયોજિત પાયલોટ યોજના **"Fortification of Rice and its Distribution under Public Distribution System"** તથા આ યોજનાના ઘટકોના અમલીકરણ માટે સચિવશ્રી, અન્ન અને નાગરિક પુરવઠાની અધ્યક્ષતામાં રાજ્ય કક્ષાએ તથા જિલ્લા કલેક્ટરશ્રીની અધ્યક્ષતામાં જિલ્લા કક્ષાએ એમ્પાવર્ડ કમિટીની રચના કરવાની રહે છે. જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ તેમજ **MDM** અને **ICDS** ફોર્ટિફાઇડ રાઇસના વિતરણ માટે રાજ્ય સરકાર દ્વારા નર્મદા જિલ્લાની પસંદગી કરવામાં આવેલ છે. જે અન્વયે રાજ્ય કક્ષાએ તથા જિલ્લા કક્ષાએ એમ્પાવર્ડ કમિટીની રચના કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવઃ-

ઉકત આમુખની વિગતે પુખ્ત વિચારણાને અંતે ભારત સરકાર દ્વારા પ્રાયોજિત પાયલોટ યોજના **"Fortification of Rice and its Distribution under Public Distribution System"** તેમજ **MDM** અને **ICDS** યોજના હેઠળ ફોર્ટિફાઇડ રાઇસનું વિતરણ તથા આ યોજનાના ઘટકોના અમલીકરણ માટે રાજ્ય કક્ષાએ તથા જિલ્લા કક્ષાએ નીચેની વિગતે એમ્પાવર્ડ કમિટીની રચના કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

રાજ્ય કક્ષાની એમ્પાવર્ડ કમિટી :-

(૧) અગ્ર સચિવશ્રી, અ.ના.પુ. અને ગ્રા.બા. વિભાગ - અધ્યક્ષ
(૨) નિયામકશ્રી, અન્ન અને નાગરિક પુરવઠો - સભ્ય
(૩) મેનેજિંગ ડીરેક્ટરશ્રી, ગુ.રા.ના.પુ.નિ.લિ. - સભ્ય

(૪) કમિશ્નરશ્રી, મધ્યાહ્ન ભોજન યોજના - સભ્ય

(૫) કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ - સભ્ય

**જિલ્લા કક્ષાની એમ્પાવર્ડ કમિટી (નર્મદા જિલ્લો) :-**

(૧) જિલ્લા કલેક્ટરશ્રી, નર્મદા - અધ્યક્ષ

(૨) જિલ્લા પુરવઠા અધિકારીશ્રી, નર્મદા - સભ્ય

(૩) નાયબ કલેક્ટરશ્રી, મધ્યાહ્ન ભોજન યોજના, જિ. નર્મદા - સભ્ય

(૪) પ્રોગ્રામ ઓફિસરશ્રી, વર્ગ-૧, ICDS, જિ. નર્મદા - સભ્ય

(૫) પ્રાંત અધિકારીશ્રી, રાજપીપળા, જિ. નર્મદા - સભ્ય

(૬) પ્રાંત અધિકારીશ્રી, દેડીયાપાડા, જિ. નર્મદા - સભ્ય

રાજ્ય કક્ષાની તથા જિલ્લા કક્ષાની એમ્પાવર્ડ કમિટીએ "Fortification of Rice and its Distribution under Public Distribution System" યોજના તથા આ યોજનાના ઘટકોના અમલીકરણ અંગેની તથા ભારત સરકારની વખતોવખતની સૂચનાઓ મુજબની કામગીરી કરવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(નયના પટેલ)
નાયબ સચિવ
અ.ના.પુ.અને ગ્રા.બા.વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

૧. અગ્ર સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, અ.ના.પુ.અને ગ્રા.બા.વિભાગ, ગાંધીનગર.

૨. નિયામકશ્રી, અન્ન અને નાગરિક પુરવઠા, બ્લોક નં. ૧૪/૬, સચિવાલય, ગાંધીનગર.

૩. મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુ.રા.ના.પુ.નિ.લિ., સેક્ટર ૧૦-એ, ગાંધીનગર.

૪. કમિશ્નરશ્રી, મધ્યાહ્ન ભોજન યોજના, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

૫. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

૬. જિલ્લા કલેક્ટરશ્રી, નર્મદા

૭. જીલ્લા પુરવઠા અધિકારીશ્રી, નર્મદા

૮. નાયબ કલેક્ટરશ્રી, મધ્યાહ્ન ભોજન યોજના, જિ. નર્મદા

૯. પ્રોગ્રામ ઓફિસરશ્રી, વર્ગ-૧, ICDS, જિ. નર્મદા